| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૫.૦° સે. | ૨૦.૦° સે. |
| આહવા | ૩૬.૦° સે. | ૧૮.૦° સે. |
| વલસાડ | ૩૪.૦° સે. | ૧૮.૦° સે. |
| વાપી | ૩૪.૦° સે. | ૧૮.૦° સે. |

# નવસારી-વલસાડ-વાપી

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | વલસાડ : ૯૯૭૯૭૫૫૭૫૫ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫




રાષ્ટ્રીય ધોરીમાર્ગ હોવા છતાં આ માર્ગને પહોળો કરવામાં સ્પષ્ટપણે દેખાતી ડાંગ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગની બેદરકારી

## ડાંગમાં ટેમ્પો પલટતાં ૩નાં મોત

**બરડીપાડા** અને મહાલ રોડ પર બેંગ્લોર તરફ જતી પિકઅપ જોખમી વળાંકમાં પલટી જતાં 9 વ્યક્તિને ગંભીર ઇજા

**મહાલથી** લશ્કર્યા સુધીનો માર્ગ સાંકડો અને સિંગલ હોવાને કારણે અવારનવાર સર્જાતા અકસ્માતો



ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના નેશનલ હાઈવે નંબર 953 પર બરડીપાડા અને મહાલ વચ્ચે આજે બપોરે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. કચ્છથી બેંગ્લોર તરફ જઈ રહેલી પશ્ચિમ બંગાળ પાસિંગની એક પીકઅપ ગાડી (WB 83 2654) જોખમી વળાંક પર પલટી જતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ દુર્ઘટનામાં કુલ 12 મુસાફરોમાંથી 3 વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય 9 વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતની જાણ થતાં જ 108 એમ્બ્યુલેન્સ અને સુબીર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે આહવા અને વલસાડની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાએ માર્ગ વિભાગ અને સ્થાનિક તંત્રની કામગીરી સામે પણ સવાલો ઊભા કર્યા છે. મહાલથી લશ્કર્યા સુધીનો આ માર્ગ અત્યંત સાંકડો અને સિંગલ હોવાને કારણે અહીં અવારનવાર જીવલેણ અકસ્માતો સર્જાય છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ હોવા છતાં આ માર્ગને પહોળો કરવામાં ડાંગ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગની બેદરકારી સ્પષ્ટપણે દેખાઈ રહી છે. સ્થાનિકોની માંગ છે કે હવે વધુ કોઈ નિર્દોષનો જીવ જાય તે પહેલાં જિલ્લા તંત્ર દ્વારા આ માર્ગના વિસ્તૃતીકરણની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવે તે જરૂરી છે.

## નવસારીમાં મિત્રોના ઝઘડામાં વચ્ચે પડેલા યુવાને જીવ ગુમાવ્યો

**દશેરા** ટેકરી વિસ્તારમાં મોડી રાત્રે છરીના હુમલામાં 34 વર્ષીય યુવકનું મોત; ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધાયો



નવસારી : નવસારી શહેરના દશેરા ટેકરીમાં મોડી રાત્રે બનેલી હત્યાની ઘટનાએ ચકચાર મચાવી છે. મિત્રોના ઝઘડાને શાંત કરવાના પ્રયાસમાં ગયેલા 34 વર્ષીય ચેતન ઉર્ફે ચિન્ટુ રાઠોડ પર ત્રણ શખ્સોએ છરી વડે જીવલેણ હુમલો કરતાં તેનું મોત નિપજ્યું હતું.

દશેરા ટેકરી રેલ્વે કોલોનીમાં રહેતા ચેતન મજૂરી કામ કરતો હતો. ગત રાત્રે તેના ભાઈ હિતેશ ઘરે હાજર હતા ત્યારે ચેતનનો મિત્ર દોડી આવી જણાવ્યું હતું કે સાંઈબાબા મહોલ્લા પાસે ચેતન સાથે કેટલાક યુવકો ઝઘડો કરી રહ્યા છે. આ જાણ થતાં હિતેશ ઘટનાસ્થળે પહોંચ્યો ત્યાં આરોપી રાહુલ હેમંતભાઈ રાઠોડ અને પ્રથમ ઉર્ફે પાર્થ હાથમાં છરી લઈને ઉભા જોવા મળ્યા હતા.

આરોપીઓએ ઉદ્ધતાઈપૂર્વક જણાવ્યું હતું કે ચેતનને છરીના ઘા મારી દીધા છે. તપાસ કરતાં ચેતન લોહીલુહાણ હાલતમાં જમીન પર પડેલો જોવા મળ્યો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ચેતનના મિત્ર પંકજ અને આરોપીઓ વચ્ચે અદાવત ચાલી રહી હતી. આ વિવાદને સમાપ્ત કરવા માટે ચેતન સમાધાન કરાવવા ગયો હતો, પરંતુ વાતચીત દરમિયાન પરિસ્થિતિ ઉગ્ર બનતા આરોપીઓએ હુમલો કર્યો હતો. બનાવ દરમિયાન હાજર લોકોને મારી નાખવાની ધમકી આપી હતી.

આ બનાવ અંગે ચેતનના ભાઈ હિતેશે ફરિયાદ નોંધાવતા પોલીસે રાહુલ રાઠોડ, પ્રથમ ઉર્ફે પાર્થ અને હેમંત રાઠોડ સામે હત્યા અને ધમકીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દમણના ડાભેલની કંપનીમાં કોપર વાયરની લૂંટ

**ટેમ્પોમાં** આવેલા 7 થી 10 લુંટારુંઓ કામદારને માર મારી લાખ્ખો રૂપિયાના કોપર વાયરની લૂંટ ચલાવી ફરાર

દમણ : સંઘપ્રદેશ દમણના દાભેલમાં 2 ગાળામાં ચાલતી કોપર વાયર બનાવતી કંપનીમાં મોડી રાત્રે ટેમ્પામાં આવેલા લૂંટારૂઓએ કંપનીના કામદારને માર મારી તેને બંધક બનાવી લાખ્ખો રૂપિયાના કોપર વાયરની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ, દમણના ડાભેલ રીંગણવાડાની બાલાજી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ગાળા નં 2 ના પ્લોટ પર આવેલી દમણ વાયર્સ એન્ડ ઇન્સ્યુલેશન અને નેશનલ કન્ડક્ટર્સ નામની કંપનીમાં મોડી રાત્રે 2 થી 4 ના અરસામાં ટેમ્પામાં આવેલા 7 થી 10 જેટલા લૂંટારૂઓએ કંપનીના શટરને તોડી અંદર મુકેલા લાખ્ખો રૂપિયાના કોપર વાયરની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતાં.

જો કે, કંપનીની અંદર મશીન પર કામ કરી રહેલા એક કામદારે તેમને અટકાવવાનો પ્રયાસ કરતા અજાણ્યા લુંટારૂઓએ તેના હાથ-પગ બાંધી તેને શાંતિથી બેસી રહેવા જણાવ્યું હતું અને જો કોઈ માથાકૂટ કરી તો તેને ગોળી મારી દેવાની ધમકી આપી હતી. આ તરફ સામાન ટેમ્પામાં લાદી ભાગવાનો પ્રયાસ કરતાં બીજા કામદારે તેમને અટકાવવાનો પ્રયાસ કરતાં લૂંટારૂઓએ તેના માથાના ભાગે સળિયા જેવા બોથડ પદાર્થ વડે હુમલો કરતા કામદારને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. લૂંટારૂઓએ કંપનીની બહાર લગાવેલા સી.સી.ટીવી કેમેરાને પણ તોડી પલાયન થઈ ગયા હતાં. બનાવની જાણ વહેલી સવારે કંપનીના માલિકને થતાં તેમણે તુરંત ઘટના અંગેની જાણ કરતા દમણ પોલીસે સ્થળ પર આવી તપાસ હાથ ધરી કામદારોનું નિવેદન લેવાની કાર્યવાહી કરી લૂંટારૂઓ સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આડા સંબંધની શંકામાં પતિએ કુહાડીના ઘા ઝીંકી પત્નીને રહેંસી નાખી

**સાપુતારાના** નવાગામમાં પત્નીની ઘાતકી હત્યા કરનાર પતિને પોલીસે ગણતરીના કલાકોમાં પકડી પાડ્યો



સાપુતારા : ડાંગ જિલ્લાના પ્રખ્યાત પ્રવાસન સ્થળ સાપુતારાના નવાગામ વિસ્તારમાં પતિએ પોતાની જ પત્નીની ઘાતકી હત્યા કરી નાખી છે. પોલીસ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના દેવળા તાલુકાનો રહેવાસી ૩૩ વર્ષીય પ્રહલાદભાઈ વિષ્ણુભાઈ આહેર સાપુતારાના નવાગામ વિસ્તારમાં રહેતો હતો. પ્રહલાદને તેની પત્ની સવિતાના અન્ય કોઈ પુરુષ સાથે અનૈતિક સંબંધો હોવાની શંકા હતી. આ શંકાના કારણે દંપતી વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડાઓ થતા રહેતા હતા. આજરોજ પણ આ જ બાબતે ઝઘડો થતા આવેશમાં આવી ગયેલા પતિ પ્રહલાદે પત્ની સવિતાને કુહાડી વડે ગળાના ભાગે જીવલેણ ઘા ઝીંકી દીધા હતા, જેના પરિણામે સવિતાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ ચકચારી ખૂન કેસની જાણ થતા જ સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ અને ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા આરોપીઓને સત્વરે શોધી કાઢવા માટે આપવામાં આવેલી સૂચના મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નાયબ પોલીસ અધિક્ષક (આહવા વિભાગ) ના સીધા માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી.ડી. ગોંડલીયા અને તેમની ટીમે ગણતરીના કલાકોમાં જ હત્યાના આરોપી પતિ પ્રહલાદ વિષ્ણુભાઈ આહેરની ધરપકડ કરી લીધી છે. ચારિત્ર્ય પરની શંકાના વહેમમાં એક હસતા-રમતા પરિવારમાં લોહીની હોળી ખેલાતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. હાલ સાપુતારા પોલીસે આ મામલે વધુ પુરાવા એકત્રિત કરી આગળની કાનૂની કાર્યવાહી કરી રહી છે.

## આંતલિયાના ઈન્ચાર્જ સરપંચ સામે લાખોના ભ્રષ્ટાચારના આક્ષેપ

**પંચાયતના** સ્વભંડોળ અને સરકારી ગ્રાન્ટમાંથી ગોટાળા કરતા ડીડીઓને તપાસની માંગ સાથે રજૂઆત

**સરપંચે** સગા ભાઈને પંચાયતમાં નોકરીએ રાખી પગારની ચૂકવણી કરી પદનો દુરૂપયોગ કર્યો

બીલીમોરા : બીલીમોરા નજીકના આંતલિયા ગ્રામ પંચાયતના વહીવટમાં મોટી નાણાકીય ગેરરીતિ અને સગાવાદ ચાલતો હોવાનો ગંભીર ગણગણાટ શરૂ થયો છે. પંચાયતના જ જાગૃત સભ્ય હરેશભાઈ કીકુભાઈ પટેલે જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી ઈન્ચાર્જ સરપંચ જયેશભાઈ શુક્કરભાઈ પટેલ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો કરી સરપંચને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની માંગ કરી છે.

અરજીમાં જણાવ્યા અનુસાર સભ્ય હરેશ પટેલે ડીડીઓને આપેલી અરજીમાં આક્ષેપ કર્યો છે કે, વર્ષ ૨૦૨૩ થી કાર્યરત ઈન્ચાર્જ સરપંચ જયેશ પટેલે પંચાયતના સ્વભંડોળ અને સરકારી ગ્રાન્ટમાંથી ગોટાળા કર્યા છે. સાંઈરામ સોસાયટીમાં બ્લોક પેવિંગનું કામ ૨૦૧૪-૧૫ માં થઈ ચૂક્યું હતું, તે જ કામનું ફરીથી ડુપ્લિકેશન કરી રૂપિયા ૩ લાખનો ભ્રષ્ટાચાર આચરાયાનો આરોપ છે. આવી જ રીતે, આઈ.ટી.આઈ.ની સામે નોવેલ્ટી સ્ટોરથી ડોમિનોઝ પીઝા સુધીના નાળાવાળી ગટરના કામમાં પણ બેવડો ખર્ચ બતાવવામાં આવ્યો છે. એક તરફ ૧૫માં નાણાંપંચની ગ્રાન્ટમાંથી રૂપિયા ૩,૯૭,૨૯૫ ખર્ચાયા હોવાનું દર્શાવાયું છે, તો બીજી તરફ પંચાયતના સ્વભંડોળમાંથી પણ આજ કામ પેટે રૂપિયા ૩,૦૮,૫૯૮ ઉપાડી લેવાયા, ગામના કચરાના નિકાલ માટે પહેલેથી જ બંધ બોડીનું ટ્રેલર હોવા છતાં ૧૫ માં નાણાંપંચમાંથી રૂપિયા ૨ લાખના ખર્ચે નવું ટ્રેલર બનાવી નાણાંનો વેડફાટ, ઉપરાંત, પંચાયતના ડેડસ્ટોક લાકડા, સ્ટ્રીટ લાઈટના સાધનો અને પાઈપોની કાયદેસરની હરાજી કર્યા વગર નજીવી કિંમતે આપી દેવાયાનો આક્ષેપ કરાયો છે. અરજીમાં સગાવાદના આક્ષેપ કરતા અરજદારે જણાવ્યું છે કે, સરપંચે પોતાના સગા ભાઈને જ પંચાયતમાં નોકરીએ રાખી પગારની ચુકવણી કરી પદનો દુરુપયોગ કર્યો છે. જ્યારે પંચાયતના સભ્ય દ્વારા આ ગેરરીતિઓ સામે માહિતી અધિકાર (RTI) હેઠળ વિગતો માંગવામાં આવી, ત્યારે તેમને કામકાજમાં અડચણ ઉભી કરવાના બહાના હેઠળ સભ્યપદેથી સસ્પેન્ડ કરવાની નોટિસ આપી દેવામાં આવી હતી. આ દબાણની નીતિ સામે ઝૂક્યા વગર સભ્યએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતા સમગ્ર આંતલિયા પંથકમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. જિલ્લા વિકાસ અધિકારીને આધાર પુરાવા સાથે ફરિયાદ કરી છે. ત્યારે આ મામલે તટસ્થ તપાસના આદેશ આપી દોષિતો સામે કાર્યવાહી કરે છે કે કેમ તે જોવું રહ્યું.

## વિદેશમાં નોકરીની લાલચ આપી રૂપિયા 5 લાખ પડાવ્યા

**અબ્રામાના** યુવાન અને તેના મામા સાથે છેતરપિંડી કરનાર ડુંગરાના શુક્લા ભાઈઓ સામે પોલીસમાં ફરિયાદ

નવસારી : , અબ્રામા ગામના હાઈસ્કૂલ ફળિયામાં રહેતા દિવ્યેશ ઈશ્વરભાઈ આહિર વર્ષ 2025 દરમિયાન વિદેશ જવા ઈચ્છતા હતા. આ દરમિયાન વાપીના ડુંગરા વિસ્તારમાં રહેતા અસ્તમ દેવકૃષ્ણ શુક્લા અને તેના ભાઈ શુભમ દેવકૃષ્ણ શુક્લાએ સંપર્ક કરી જ્યોર્જિયામાં મહિને એક લાખથી વધુ પગારની નોકરી અપાવવાની ખાતરી આપી હતી.

દિવ્યેશ અને તેના મામા પિયુષભાઈ ખંડુભાઈ આહિર (રહે. ઓણચી ગામ) વિદેશ જવા તૈયાર થતા બંને એજન્ટોએ કુલ રૂપિયા 5 લાખની માંગણી કરી હતી. ત્યારબાદ રૂપિયા 3.20 લાખ અને રૂપિયા 1.80 લાખ મળી કુલ રૂ.5 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. પછી એજન્ટ દ્વારા વોટ્સએપ મારફતે વિઝા, ઓફર લેટર અને એર ટિકિટની નકલ મોકલી વિશ્વાસમાં લીધા હતા. પરંતુ વિદેશ જવાના દિવસ નજીક આવતા વિવિધ કારણો બતાવી સમય કાઢતા રહ્યા. બાદમાં વારંવાર સંપર્ક કરવા છતાં ન તો જ્યોર્જિયા મોકલ્યા અને ન જ રૂપિયા પરત આપ્યા. પોતાની સાથે છેતરપિંડી થયાનું સમજાતા દિવ્યેશ ઈશ્વરભાઈ આહિરે જલાલપોર પોલીસ મથકે બંને શુક્લા ભાઈઓ સામે ફરિયાદ નોંધાવી છે.

## લિબર્ટી લોજીસ્ટિક એજન્સી અન્યાય કરશે તો આંદોલન

**વસુધારા** ડેરીના કર્મચારીઓ પર થતા શોષણના વિરોધમાં પ્રદર્શન કરાતા કામદારોની ૧૯ માંગણી સંતોષાઇ

ઘેજ : ચીખલીના આલીપોર સ્થિત વસુધારા ડેરીના કર્મચારીઓ પર થતા શોષણના વિરોધમાં ધારાસભ્ય અનંત પટેલ અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલના અધ્યક્ષ સ્થાને વિરોધ પ્રદર્શન કરાતા કામદારોની ૧૯ માંગણી સંતોષાઈ હતી.

નવસારી અને વલસાડ જિલ્લાની એકમાત્ર વસુધારા ડેરીના લિબર્ટી લોજીસ્ટીક એજન્સી દ્વારા ૭૦૦ કામદારો પર થતા શોષણના વિરોધમાં હડતાળ જાહેર કરવામાં આવી હતી. જેમાં



ધર્મેશ પટેલ

કામદારોના ૧૯ માંગણી હતી. જેમાં કામદારોને સેફટી સૂઝ, પગાર સ્લીપ, પીએફના પૈસા, ગ્રેજ્યુટી, બોનસ, અકસ્માત વીમો, મેડિક્લેમ અને કામના કલાકો પ્રમાણે પગાર જેવા મુખ્ય પ્રશ્નો અને મુખ્ય માંગણીઓ રજૂ કરવાની સાથે લેબર કોન્ટ્રાક્ટર પરેશ દેસાઇ દ્વારા માંગણી સ્વીકારવાની વાત કરી એક સપ્તાહમાં તમામ માંગણીઓનો અંત લાવવાની ખાત્રી આપતા ઉપસ્થિત ધારાસભ્ય અનંત પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખની મધ્યસ્થીથી કામદારોની પડતર ૧૯ માંગનો અંત આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમમાં વાંસદા તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખ મનીષ પટેલ, મયુર પટેલ, મિલન પારેખ અને જીતુ પટેલ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય અનંત પટેલના જણાવ્યાનુસાર વસુધારા ડેરી સામે અમને કોઈને કોઈ વાંધો નથી પરંતુ એજન્સી દ્વારા કામદારો પર શોષણ થતું હોય એ ચલાવી લઈશું નહીં, કામદારોની માંગણી જો નહીં સ્વીકારવામાં આવશે તો તાલુકા મેજિસ્ટ્રેટ, મામલતદાર અને લેબર ઓફિસરની કચેરીમાં આવેદનપત્ર આપીશું અને ધરણા કરીશું.

### ટ્રેનમાંથી પર્સ અને મોબાઈલની ચોરી કરનાર બે ઝડપાયા

વલસાડ : વલસાડ રેલ્વે પોલીસે મોબાઈલ ફોન અને લેડીઝ પર્સની ચોરી કરનાર બે તસ્કરોને ઝડપી લીધા છે. ફરિયાદી ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. ટ્રેન નવસારી અને મરોલી રેલ્વે સ્ટેશન વચ્ચે હતી, ત્યારે ફરિયાદીની ઊંઘનો લાભ લઈ અજાણ્યો લેડીઝ પર્સ ચોરી ગયો હતો. જેમાં રૂપિયા ૪૯,૮૫૦નો મુદ્દામાલ હતો. પોલીસે તપાસ હાથ ધરતા ગણતરીના કલાકોમાં બે શખ્સો અવિનાશ ધર્મેન્દ્રભાઈ શર્મા (ઉં. ૨૯, રહે. મહારાષ્ટ્ર) અને અજન હબીબખાન (ઉં. ૫૦, રહે. કલ્યાણ)ને ઝડપી પાડ્યા હતાં.

## નવસારીના માછીમાર સાથે છેતરપિંડી

**મોબાઈલમાં** આવેલી લિંક ખોલતા ફોન હેક, બે ખાતામાં રકમ ટ્રાન્સફર

નવસારી : નવસારીના છાપરા રોડ વિસ્તારમાં આવેલી સાંઈ દર્શન સોસાયટીમાં રહેતા શિવકુમાર ટંડેલ માછીમારીનો વ્યવસાય કરે છે. તેઓ પરિવાર સાથે કારમાં ઉનાઈ યાત્રાધામ જઈ રહ્યા હતા. તે દરમિયાન તેમના મોબાઈલ પર આરટીઓ ઈ-ચલણ સંબંધિત એક લિંક આવી હતી. લિંક ખોલતા જ થોડા જ સમયમાં ફોન પરનો નિયંત્રણ ખોરવાઈ ગયો હતો. ત્યારબાદ બીજા દિવસે બેંક ખાતાની તપાસ કરતાં તેમના ખાતામાંથી બે વ્યક્તિઓના ખાતામાં કુલ રૂ.97 હજાર ટ્રાન્સફર થઈ ગયા હતા. આ ઘટના અંગે શિવકુમારે સાયબર હેલ્પલાઈન અને બાદમાં જલાલપોર પોલીસ મથકે યશ ચંદ્રકાંત અને ચિન્ટુ બોરી સહિત અજાણ્યા શખ્સો સામે સાયબર ક્રાઈમ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આ સમગ્ર મામલે પીઆઈ વી.જી. ભરવાડ તપાસ કરી રહ્યા છે.

## અરરર! નજીકમાં જ ડેમ છતાં લોકો તરસ્યા

**રાયબોર** ગામના સેંગાળમાળ ફળિયાના લોકોને ચાર-પાંચ દિવસમાં માત્ર એક વાર પાણી મળે છે



નિલેશ કાપડિયા

### ચૂંટણી સમયે વાયદા અને આશ્વાસનનો વરસાદ

આમ અહીં વસતા ૪૦૦ જેટલા લોકોએ જુજડેમ બાજુમાંજ હોવા છતાં વર્ષોથી પાણી માટે હાલાકી ભોગવી રહ્યા છે. ઉલ્લેખનીય બાબત એ છે કે આ વિસ્તારમાં અનેક રાજકારણીઓ, અધિકારીઓ અને જિલ્લા કલેક્ટર પણ મુલાકાતે આવ્યા હોવા છતાં આજદિન સુધી સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. નેતાઓ ચૂંટણી સમયે આવી માત્ર વાયદા અને આશ્વાસન આપી જતા રહે છે, જે પાછા ફરકતા પણ નથી એવી સ્થાનિકોમાં ચર્ચા ઊઠવા પામી છે.

વાંસદા: વાંસદાથી પાંચ કિ.મી અંતરે જુજડેમની બાજુમાં આવેલા રાયબોર ગામના સેંગાળમાળ ફળિયાના ૪૦૦ જેટલા લોકો જુજડેમ બિલકુલ નજીક હોવા છતાં વર્ષોથી પાણીની સમસ્યા સામે ઝઝૂમી રહ્યા છે. ચાર-પાંચ દિવસમાં માત્ર એક વાર પાણી મળતા પાણીનો સંગ્રહ કરી વાપરવું પડે છે. તે પણ પૂરતું નહીં થતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની જાય છે.

વાંસદા તાલુકાના જુજડેમના નિર્માણ બાદ તે જગ્યાએથી વિસ્થાપિત થયેલા લોકો જુજડેમને અડીને આવેલા રાયબોર ગામમાં વસ્યા હતા. અને રાયબોર ગામનું સેંગાળમાળ ફળિયું બિલકુલ ડેમને અડીને આવેલું છે, જ્યાં આશરે ૪૦૦ જેટલા લોકો વસવાટ કરે છે. જેઓ પીવાના પાણી માટે વર્ષોથી ખૂબજ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ લોકો માટે એકમાત્ર કૂવો જેમાંથી વાસ્મોની ટાંકીમાં પાણી ચઢાવી ગ્રામજનોને ચાર- પાંચ દિવસમાં માત્ર એકજ વાર ઘર વપરાશ અને પીવા માટેનું પાણી આપવામાં આવે છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ટાંકીમાંથી પાણી આપવામાં આવે છે ત્યારે લોકોએ ઘરમાં પીવા અને ઘર વપરાશ માટે પાણીનો સંગ્રહ કરી રાખવો પડે છે, જે પાણી ચારથી પાંચ દિવસ સુધી ચલાવવું જ પડે છે. ત્યારે ઘણીવાર પીવાનું પાણી સંગ્રહ કરી રાખતા પાણીમાંથી અલગ ગંધ આવતા તેને પીવું મુશ્કેલ બને છે.

**પાઇપલાઇન કરી પાણીની સમસ્યાનો અંત આવે તેમ છે: સ્થાનિક ખેડૂત, સેંગાળમાળ**

ગામના સ્થાનિક પાસેથી જાણવા મુજબ હાલ ત્રણ ચાર દિવસમાં એકવાર પાણી મળી રહ્યું છે, પરંતુ માર્ચ મહિના બાદ તો પાણીની સમસ્યા વધી જાય છે. જો તંત્ર દ્વારા જૂજડેમમાંથી પાઇપલાઇન કરી સેંગાળમાળ સુધી લાઇન કરવામાં આવે તો ગ્રામજનોને કાયમ માટે ઘર વપરાશ અને પશુપાલન માટે પાણીની અછત દૂર થાય એમ છે.


### જાહેર નોટીશ

જત હમારા અસીલની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે,

જિ. નવસારી, તા. નવસારીના મોજે: ખડસુપા ગામના બ્લોક/સર્વે નં. ૫૩૦, ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૦-૫૬-૬૫ તથા બ્લોક/સર્વે નં. ૫૩૬, ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૦-૪૪-૫૨ વાળી ખેતીની જમીનો વનિતાબેન કનુભાઈ, અર્પિતાબેન કનુભાઈ અને અક્ષયકુમાર કનુભાઈ પટેલ, રહેવાસી-અષ્ટગામ (નવાતળાવ), ટાંકી ફળિયુ, તા. જી. નવસારીનાઓની સ્વતંત્ર માલિકી-કબ્જા-ભોગવટાની ચાલી આવેલ છે, જેમણે મજકુર મિલકતો ટાઈટલ કલીયર અને ચોખ્ખા માર્કેટબલ ટાઈટલ વાળી જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી વેચાણથી આપેલ છે, તેમજ વેચાણ દસ્તાવેજને લગતી કાર્યવાહી ટૂંક સમયમાં હમારા અસીલ કરી લેનાર છે, આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે ઉપરોક્ત મિલકતો અન્વયે કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, લિયન, બોજો, લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૭ (સાત) માં હમોને નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે, ખાતરી આપવામાં આવશે નહીં તો હરકોઈનો મજકુર મિલકતોમાં કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહીં હોવાનું અને હોય તો તે છોડી દીધો હોવાનું ગણાશે અને હમારા અસીલ ઉપર જણાવેલ મિલકતોના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી લેશે જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

હમારી સૂચનાથી,

તા. ૨૧-૦૨-૨૦૨૬

મારી મારફત, હરેશ પી. સાવલીયા (તે ખરીદ કરનારના એડવોકેટ)

ઓફિસ : પહેલો માળ ''દિક્ષાકિરણ'' એપાર્ટમેન્ટ, પીંજારા મહોલ્લો, પાંચ હાટડી, નવસારી. મો. ૯૯૨૪૦ ૬૧૬૧૬

### જાહેર નોટીસ

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે ગ્રામ પંચાયત સુલતાનપુર, તા. જલાલપોર, જી. નવસારી દ્વારા બ્લોક નંબર ૩૯૧/૨૯૨/૧૫૫/૧૨૫૫/૧૭૪/૧૯૧૧ તળાવમાંથી માટી ખોદી લઈ જવાનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. ટેન્ડર રૂપિયા ૧૦૦૦/- ભરી ગ્રામપંચાયત સુલતાનપુર પાસેથી લેવાનું રહેશે. ટેન્ડરની તમામ શરતો ટેન્ડર ફોર્મમાં આપવામાં આવેલ છે. ટેન્ડર તા. ૨૨/૦૨/૨૦૨૬ થી તા. ૨૯/૦૨/૨૦૨૬ સુધી ટેન્ડર ગ્રામ પંચાયત સુલતાનપુરને પોસ્ટ દ્વારા મોકલવાનું રહેશે. જેમનું ટેન્ડર લાગશે તેમને ગ્રામ પંચાયત સુલતાનપુર દ્વારા જાણ કરવામાં આવશે. ટેન્ડર મંજૂર કે ના મંજૂર કરવાની તમામ સત્તા ગ્રામ પંચાયત સુલતાનપુરની રહેશે.

ખાસ નોંધ: ટેન્ડર ફી દરેક બ્લોક નંબરની અલગથી લેવાની રહેશે અને ડીપોઝીટ પણ અલગથી આપવાની રહેશે.

લિ.

ગ્રામ પંચાયત સુલતાનપુર

તા. જલાલપોર જી. નવસારી